શિક્ષણનો અધિકાર

# સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાકક્ષાએ ૧૧માસ માટે કરાર આધારિત જગ્યાઓના કરાર બાબત

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રોજેકટ કો—ઓર્ડિનેટર: સેકન્ડરી એજયુકેશન | રૂા.૨૦,૦૦૦/— | ૧૪ |
| ૨ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) | રૂા.૧૬,૫૦૦/— | ૦૨ |
| ૩ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન **(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૬,૫૦૦/— | ૦૯ |
| ૪ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી | રૂા.૧૬,૫૦૦/— | ૦૦ |
| ૫ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. | રૂા.૧૬,૫૦૦/— | ૦૪ |
| ૬ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ, રીટેન્શન એન્ડ વોકેશનલ એજયુકેશન | રૂા.૧૬,૫૦૦/— | ૦૧ |
| ૭ | મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર : આઈઈડી કો—ઓર્ડિનેટર | રૂા.૧૬,૫૦૦/— | ૦૩ |
| ૮ | એડીશનલ મદદનીશ જિલ્લા કો—ઓર્ડિનેટર: ગર્લ્સ એજયુકેશન (કેજીબીવી) **(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૩,૦૦૦/— | ૦૫ |
| ૯ | હિસાબનીશ (બિન નિવાસી) (કેજીબીવી/બોઈઝ હોસ્ટેલ) **(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૮,૫૦૦/— | ૧૪ |

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયમાં જિલ્લાકક્ષાએ ઉકત જગ્યાઓની ભરતી માટે પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાતો અને પૂરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન—લાઈન** અરજીઓ મંગાવવામાં આવે છે. **ક્રમ— ૩, ક્રમ—૮ અને ક્રમ—૯ ની જગ્યા માટે ફકત મહિલા ઉમેદવારની અરજીઓ માન્ય ગણાશે.**

**ઉપરોકત તમામ જગ્યા માટે ઉમેદવારની વયમર્યાદા ઓન—લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

ઉમેદવારે ઓન—લાઈન અરજી **http://www.ssagujarat.org** વેબ સાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબ સાઈટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેકટ ઓફિસ તથા જિલ્લા પ્રોજેકટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહિં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહિં.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે **ઓન—લાઈન કરેલ અરજીની પ્રિન્ટ** સાથે જરૂરી પ્રમાણપત્રોની એક—એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**ઓન—લાઈન અરજી કરવાની તારીખ : ૧૪/૦૯/૨૦૨૩ (૧૪:૦૦ કલાક થી શરૂ)**

**ઓન—લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૩/૦૯/૨૦૨૩ (૨૩:૫૯ કલાક સુધી)**

સહી/—
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેકટર—૧૭, ગાંધીનગર

માહિતી/૧૨૮૦/૨૩-૨૪